**આંક–૧ લગત હુકમ**

---

**પ્રોહી.એકટની કલમ–૬૬(૧)બી મુજબના ગુનાના કામે આંક–૦૧ લગત હુકમ**

---

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આરોપીએ ચાર્જશીટમાં વર્ણવેલ મુજબનો પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી મુજબનો ગુનો કરેલ હોઈ તે રજીસ્ટર કરી તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ. આ કામે હાલની અરજીનો નિર્ણય કરતા અગાઉ ગુજરાત પ્રોહીબીશન એકટની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

**ગુજરાત પ્રોહીબીશન (સુધારા) અધ્યાદેશ ૨૦૧૬ મુજબ કલમ–૬૬ :–**

ભાંગ, ગાંજાના ગેરકાયદેસર વાવેતર અને સંગ્રહ કરવા બદલ અને બીજી બાબતો બદલ શિક્ષા :–

**(૧)....**જો કોઈ પણ આ અધિનીયમ અથવા તે નીચે બનાયેલ નીયમો અથવા આવા હુકમોની કે તે નીચે અપાયેલ વિનીયમો, લાયસન્સ, પરમીટ, પાસ અથવા અધિકારપત્રની જોગવાઈઓનો ઉલ્લંઘન કરીને–

**એ.** કાઢી નાંખેલ છે.

**બી.**(અફીણ સિવાયના બીજા) કોઈપણ કેફી પદાર્થ અથવા ભાંગ ગાંજો (વાપરે અથવા ઉપયોગ કરે).

**સી.** તાડી ઉત્પન્ન કરતાં ઝાડને છેદે કે ઝાડ છેદવાની છુટ આપે.

**ડી.** ઝાડમાંથી તાડી કાઢે અથવા કાઢવાની છુટ આપે.

**ઈ.** અફીણ સીવાયના કેફી પદાર્થની અસર હેઠળ નશાયુકત હાલતમાં રાજય બહારથી આવા નશાયુકત પદાર્થ કે ગાંજો પીને રાજયના પ્રદેશમાં પ્રવેશ કરે તો તેને દોષીત ઠર્યે. (૧) પ્રથમ ગુન્હા માટે છ માસ સુધીની કેદની અને એક હજાર સુધીના દંડની શીક્ષા થશે પરંતુ, જોગવાઈ કરવામાં આવી છે કે, કોર્ટના ચુકાદામાં જણાવવા જોઈએ તેવા વિરૂધ્ધના ખાસ અને પુરતા

કારણો ન હોય તો આવી સજા ત્રણ માસથી ઓછી હોવી જોઈએ નહી અને દંડ પાંચસોથી ઓછો હોવો જોઈએ નહી. (૨)બીજા અથવા ત્યાર પછીના ગુન્હા માટે બે વર્ષ સુધી લંબાવી શકાય તેવી પરંતુ, છ મહીનાથી ઓછી નહી તેટલી મુદત સુધીની કેદની અને બે હજાર રૂપીયા સુધીના દંડની શીક્ષા થશે.

**(૨)....**પેટા કલમ–ર અને પેટા કલમ–૩ ની જોગવાઈઓને આધીન જયાં પેટા કલમ–૧ ના ખંડ–બી નીચેના કેફી પદાર્થ કે ગાંજો પીવાના ગુન્હા હેઠળ ઈન્સાફ કરતી વખતે અથવા પેટા કલમ–૧ ના ખંડ–૯ ના કેફી પદાર્થ કે ગાંજો અને રાજયની હદમાં પ્રવેશવાના ગુન્હાના ઈન્સાફ વખતે એવો આક્ષેપ કરવામાં આવતો હોય કે આરોપીએ દારૂ પીધો છે અને તેવું પુરવાર થાય કે આરોપીના લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ, કદ ૦.૦૫% વજન કરતાં ઓછું નથી તો પીધેલ દારૂ એ ૨૪–૧–એ માં દર્શાવેલ સામાન્ય ડોઝથી વધુ નહી તેમ દવાની બનાવટ હતી અથવા જંતુનાશક અથવા પીધેલ દારૂ પ્રસાધનની બનાવટ હતી અથવા બનાવટ અથવા સુગંધીદાર અર્કનો ઈન્સેન્સ અથવા રસ હતો કે જેના પીવાથી અધિનિયમનું અથવા તે હેઠળના નિયમો કે વિનિયમો અથવા હુકમનું ઉલ્લંઘન થતું નથી એવું સાબીત કરવાનો બોજો આરોપી ઉપર રહેશે અને કોર્ટ આવા પુરાવાથી ગેરહાજરી વિરૂધ્ધ અનુમાન કરશે.

**(૩)....**પેટા કલમ– ૨ ની જોગવાઈ, કોઈપણ દારૂ :– અ. જે સરકારી કે સ્થાની સત્તાવાદી અથવા ધર્માદા સંસ્થા ધ્વારા ચલાવતાં ઈસ્પતાલ, રોગમુકત થશે, સુશ્રુષાગૃહ અથવા દવાખાનામાં સારવાર દરમીયાન અંદરના દર્દી તરીકે અથવા દારૂ પીધેલ હાલતમાં ગુજરાત રાજયમાં પ્રવેશ ખંડ ઈ થી સજા પાત્ર ગુન્હો બને છે. બ. કોઈ વ્યકિત ધ્વારા અથવા કોઈ સંસ્થા અથવા અન્ય કોઈ તેવી જોગવાઈ કરવામાં આવે.

(૨) **વધુમાં ધી બોમ્બે પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ–૧૯૫૯ ની કલમ–૪ મુજબ લોહી એકત્ર કરવાની તથા આગળ મોકલવાની રીત :–**

(૧) ઉપર્યુકત નિયમ–૩ માં દર્શાવેલ વ્યકિતને તેની સમક્ષ રજુ કર્યેથી તેનું લોહી લેવા માટે નોંધાયેલ મેડીકલ પ્રેકટીશનરે સીરીન્જ વાપરવી. ઉપર દર્શાવેલ હેતુ માટે ઉપયોગ કરતાં સીરીન્જને ઉકળતાં પાણીમાં સ્ટરીલાઈડ કરવા મુકવી: તેણે આવી વ્યકિતના શરીરના જે ભાગમાંથી તે લોહી ખેંચવા ઈરાદો રાખતાં હોય તેના ચામડીની સપાટી ઉપરના ભાગને તેણે આલ્કોહોલ અથવા તેનું મીશ્રણ ન હોય તેવા ૧% એકવાયસ મરકયુરોક્રોમ મીશ્રણથી અથવા જેનશ્યામ વાયોલેટથી સાફ કરશે : ૧૯૮૫ ના સુધારાથી મુકવું :વ્યકિતના શરીરમાંથી લોહી ખેંચવામાં આવે ત્યારે કોઈપણ તબકકે આલ્કોહોલનો સ્પર્શ કરવો નહી. તેણે વ્યકિતના શરીરમાંથી સીરીન્જથી ૫ સી.સી. થી ઓછું ખેંચવું નહી. ત્યાર બાદ, સીરીન્જમાં લીધેલ લોહીને શીશીમાં લેવું. ગઠ્ઠા ન થઈ જાય તેવા અને લોહી સચવાય રહે તેવી દવા શીશાફીચાલમાં મુકી હશે અને પછી શીશીને તે પેલી ગઠ્ઠા ન થઈ જાય અને લોહી સચવાય રહે તેને દવા સાથે ભેળવવા માટે ખુબ હલાવશે. પછી શીશીને ઉપર લેબલ લગાડવું અને લાખથી તેના ઢાંકણાને સીલ કરવું. ત્યારબાદ, તેના ઉપર ઓફીશીયલ સીલ મારવું અથવા નોંધાયેલ મેડીકલ પ્રેકટીશનરનું સીલ લગાડવું. (૨)પેટા કલમ–૧ માં દર્શાવેલ રીતે શીશામાં લીધેલ નમુનાના લોહીને ચકાસવા માટે ચકાસણી અધિકારીને તપાસ મારફત અથવા ખાસ સંદેશાવાહક મોકલી આપવાનું આવું લોહી લીધાની તારીખથી સાત દિવસ મળી જાય તે રીતે મોકલવું અને તેની સામે ફોર્મ–બી માં એક પત્ર સામેલ કરવો કે જેમાં નમુના નું લીધેલ લોહીની શીશીને સીલ કરવા માટે વાપરેલ સીલ અથવા મોનોગ્રામની પ્રતિકૃતિ : આબેહુબ નકલ હોવી જોઈએ.

(૪) ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ ધ્યાને, વંચાણે લેતાં તથા આ કામે ફરિયાદીની ફરિયાદની હકીકતને ધ્યાને લેતાં, આ કામે તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ સાથે ફોર્મ–બી અને ફોર્મ–સી રજૂ રાખેલ નથી. જેથી આરોપીએ કલમ–૬૬(૧)(બી) મુજબ કેફી પદાર્થનો ઉપયોગ કરેલ છે કે કેમ તેમજ ૬૬(૨) મુજબ લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ ૦.૦૫ થી વધારે છે કે ઓછું છે તે પણ રેકર્ડ ઉપર નથી તેમજ આરોપીનું લોહીનું સેમ્પલ એફ.એસ.એલ. કચેરી ખાતે બ્લડ ટેસ્ટ રૂલ્સ પેટા કલમ–૨ મુજબ સાત દિવસની અંદર પહોંચેલ છે કે કેમ તે પણ સદર કામનું રેકર્ડ જોતાં ફલીત થતું નથી.

આમ, આ કામેના પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી ગુન્હાની હકીકતની ચોકસાઈ માત્ર ફોર્મ–સી ધ્વારા થઈ શકે તેમ હોય જે ફોર્મ–સી આ કામે રજૂ રાખેલ નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટના ક્રિમીનલ લો રીપોર્ટર–૧૯૯૦ ના પાના નંબર–૨૬૩ પર પ્રસિધ્ધ થયેલ ***ગુજરાત રાજય વિરૂધ્ધ બાબુ સવાજીના કેસમાં*** નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઠરાવ્યા મુજબ બોમ્બે પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ–૧૯૫૯ ના રૂલ્સ–૪(૧)બી ની મેન્ડેટરી જોગવાઈનો ભંગ થયેલ હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઈએ. આમ, ઉપરોકત તમામ હકીકતો તથા આ કામનું રેકર્ડ ધ્યાને, વંચાણે લેતાં આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી મુજબના ગુન્હામાં પ્રથમદર્શનીય પુરાવાના અભાવે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. જે સંજોગોમાં આ કલમના ભંગ બદલ ટ્રાયલમાંથી પસાર થવાની જરૂર નથી તેવું અદાલતનું માનવું છે. આથી, ઉપરોકત ચૂકાદાને ધ્યાને લેતાં તથા કેસની હકીકત ધ્યાને લેતા આરોપી સામે તહોમતનામું ફરમાવી કેસ આગળ ચલાવવાનો કોઈ અર્થ રહેતો ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) આ કામના **આરોપી– સંજયસિંહ ગોવુભા જાડેજા ને** ક્રિમીનલ પ્રોસીજર

કોડની કલમ–૨૫૮/બી.એન.એસ.એસ, ૨૦૨૩ એકટની કલમ–૨૮૧ અન્વયે તેમની સામેના **પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી** મુજબના ગુન્હામાંથી બીન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદામાલ પાવતી મુજબ કબજે કરવામાં આવેલ મુદામાલ અંગે અગાઉ વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો કરવામાં આવેલ હુકમ આ હુકમથી યથાવત (કાયમ) કરવામાં આવે છે અને જો, અગાઉ મુદામાલ અંગે હુકમ કરવામાં આવેલ ન હોય તો અપીલ સમય પુરો થયા બાદ તેના માલીકીની ખરાઈ કરી સદર મુદામાલ નિયામાનુસાર પરત સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **ચૌદમી,** માહે: **માર્ચ,** સને **બે હજાર છવ્વીસ**નાં રોજ યોજાયેલ રાષ્ટ્રીય લોક અદાલત અન્વયેની સ્પેશિયલ સીટીંગમાં જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬.
મુંદરા–કચ્છ.

**(સુદીપ્તો પાલ)**
અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
મુન્દ્રા–કચ્છ.
જજીસ કોડ: જીજે–૦૧૪૧૯